Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૧
૨૫ ઓકટોબર

કારતક

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૩

**अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भई।**
**थम्भा कोहा पमाएणं, रोगेणाऽऽलस्सएण य ॥ ३ ॥**

જે પાંચ કારણોને લીધે મનુષ્ય સાચી વિદ્યા મેળવી શકતો નથી તે આ છે:-

અભિમાનને લીધે, ક્રોધને લીધે, બેદરકારી અથવા વિષયો તરફના પોતાના વલણને લીધે, કોઢ જેવાં ભયંકર રોગો થવાને લીધે અને આળસને લીધે મનુષ્ય સાચી વિદ્યા મેળવી શકતો નથી.

—મહાવીર વાણી

પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૦ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | જૈન ધર્મ પ્રકાશ ભાવનગર | (ભાસ્કરવિજયજી) | ૧ |
| ૨ | નૂતન વર્ષાભિનંદન | (દીપચંદ જીવણલાલ શાહ) | ૨ |
| ૩ | જૈન ધર્મ પ્રકાશ | (મુનિ મનમોહનવિજયજી) | ૩ |
| ૪ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક-૫૩ | (સ્વ. મૌક્તિક) | ૪ |
| ૫ | ફળભોગની આકાંક્ષા | (બાલચંદ હીરાચંદ-"સાહિત્યચંદ્ર") | ૭ |
| ૬ | શ્રીમદ્ આનંદઘનરચિત ચોવીસ તીર્થંકર સ્તવન | (અગરચંદ નાહટા) | ૯ |
| ૭ | જિન દર્શનની તૃષા | (ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) | ૧૨ |



—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૮૦ મું<br>અંક ૧ | કારતક | વીર સં. ૨૪૯૦<br>વિક્રમ સં. ૨૦૨૦ |
|---|---|---|


## શ્રી જૈન ધર્મ પ્રકાશ ભાવનગર

卐

શ્રી વિરપ્રભુને પય નમીને સમરૂ ગૌતમ શારદા
જૈન ધર્મ પસાયે સહુ પામો રિદ્ધિ સંપદા
નથી દૂજો દેવ અરિહંત સમ વિશ્વમાં જુઓ ફરી
ધરો સમકીત સાચી શ્રદ્ધા શ્રાવક કુળે અવતરી
રસના ઇન્દ્રિયને વશ કરો પર્વ દિપાલીકા મહીં
મન-વચ-કાયા તપને વિષે અહિંસા ઉજવો સહી
પ્રમાદથી જે પાપ કર્મ જયણા સહિત આદર્યાં
કામ ક્રોધ મદ મોહ માનથી અશુભ ધ્યાન સદા ધર્યાં
શક્તિ નવ ગોપવો જેહ જીવ દયાના પ્રેમમાં
ભાવ શિયળ વળી દાન તપસ્યા જિન પ્રવચન નેમમાં
વચન પ્રભુજી વિરના જે સોળ પ્રહરની દેશના
નરી આગમ વાણી સુણો ધરો શંકા લેશ ના
ગત વર્ષ પૂર્ણ થતાં પ્રવેશ બે હજાર વીસમાં
રહો ધર્મમાં પામો સુખ ભાસ્કર કહે દશ દિશમાં

—ભાસ્કરવિજય

卐 卐 卐 卐 卐 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષાભિનંદન

વિ. સં. ૨૦૨૦ના વર્ષે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" ઓગણીએંશી વર્ષ પુરા કરી એંશીમાં વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં મુનિ મનમોહનવિજયજી, મુનિશ્રી ભાસ્કરવિજયજી, મુનિશ્રી નિત્યાનંદવિજયજી, શાહ બાબુલાલ પાનાચંદ, સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, શ્રીયુત સુરેશકુમાર કે. શાહ વગેરેનો તેમના પદ્ય લેખો માટે અને સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ., ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ, શ્રીયુત બટુક જ. શાહ, ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ., પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી વગેરેનો તેમના ગદ્ય લેખો માટે આભાર માનીએ છીએ.

ગત વર્ષ ભારત માટે બહુ ખરાબ ગયેલ હતું. ચીન સાથે કોઈ પણ જાતની સંધિ થયેલ નથી તેમજ પાકિસ્તાન સાથે કાશ્મીર અંગે કોઈ પણ જાતનું સમાધાન થયેલ નથી તેથી લશ્કરનો ખર્ચ બહુ જ વધી જવાથી લોકો પર ન સહી શકે તેવા કરો નાંખવામાં આવ્યા હતા વળી સુવર્ણ સંબંધી ધારાને અંગે સોની કારીગરોને બહુ જ સહન કરવું પડેલ છે. મુખ્ય પ્રધાન જવાહરલાલજીને હવે જણાયું છે કે મોટા ઉદ્યોગો સ્થાપીને આમજનતાને જેવી જોઈએ તેવી રાહત મળેલ નથી તેથી હવે એવા નાના ઉદ્યોગો સ્થાપવા જોઈએ કે જેથી આમજનતાને રોજગારી મળે. હાલના સમયમાં પૈસાદાર લોકો વધુ પૈસાદાર બન્યા છે અને ગરીબ લોકો વધારે પડતા ગરીબ બન્યા છે. વળી કોંગ્રેસ રાજ્ય સરકારોમાં જુથબંધીને લીધે તેમના રાજ્યમાં આમજનતાને જેવો જોઈએ તેવો સંતોષ અને સુખ મળ્યા નથી અને લાંચ રૂશ્વત બહુ જ ફાલીફુલી છે.

ગત વર્ષમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું બાવીશમું અધિવેશન પાલીતાણામાં ભરાયું હતું તેમાં મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા વગેરે શહેરોના સદ્‌ગૃહસ્થો બહુ ઓછા પ્રમાણમાં હાજર રહ્યા હતા. આ કોન્ફરન્સમાં મધ્યમ વર્ગના ઉત્કર્ષ સંબંધી અને કો-ઓપરેટીવ બેંકની સ્થાપના સંબંધી ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા પણ આ ઠરાવોને અમલમાં મુકવામાં ઓછું કાર્ય થયેલ છે એમ જણાય છે.

ગત વર્ષમાં અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. શ્રમણોપાસક સંઘ સંમેલન અમદાવાદ મુકામે શ્રીયુત કસ્તુરભાઈ લાલભાઈના પ્રયત્નથી મળેલ હતું. આપણા પૂજ્ય શ્રમણ સમુદાયમાં કાળાદિ દોષને લીધે થોડી ત્રુટિઓ પ્રવેશવા પામી છે તેથી કેટલાક મુનિ મહારાજો શ્રી શ્રમણ સંઘને અનુરૂપ જીવન શુદ્ધિ અને આચાર શુદ્ધિ પાળવી જોઈએ તેવી જીવન શુદ્ધિ અને આચાર શુદ્ધિ પાળતા નથી. તેઓ હવેથી જૈન ધર્મને અનુરૂપ જીવન શુદ્ધિ અને આચાર શુદ્ધિ પાળે તેમ આ સંમેલને સર્વાનુમતે ઠરાવ કરેલ હતો.



For Private And Personal Use Only

આ સમયમાં દરેક જણ ધન મેળવવા માટે રાત દિવસ તનતોડ પ્રયત્ન કરે છે. ધન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓ વિસામો પણ લેતા નથી. જેમ ધન પ્રાપ્ત થતું જાય તેમ વધારે ધન પ્રાપ્તિ મેળવવા યત્ન કરે છે આમ જે વસ્તુ નાશવંત છે તે વસ્તુ પાછળ પુરુષાર્થ કરે છે પણ ધર્મકરણી તરફ બહુ ઓછો પુરુષાર્થ કરે છે. આમ ધન કમાવું એ અગત્યની વસ્તુ બની છે અને ધર્મકરણી એ ફુરસદની વસ્તુ બની ગઈ છે આ સમજમાં હવે લોકોએ ફેરફાર કરવાની જરૂર છે. કારણ કે ધન કમાવાથી સંતોષ અને મનની શાંતિ મળવાને બદલે અસંતોષ અને મનની અશાંતિ વધે છે.

ગત વર્ષમાં ગુજરાતના રાજકારણમાં ઝંઝાવાત થયેલ હતો તેથી મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાને રાજીનામુ આપવું પડેલ હતું. તેને બદલે શ્રીયુત બળવંતરાય મહેતા નવા મુખ્ય પ્રધાન બનેલ છે. તેઓ ભાવનગરના વતની છે માટે આ સભા તેઓ ગુજરાતના મુખ્ય પ્રધાન બન્યા તે માટે તેમને અભિનંદન આપે છે.

આ નૂતન વર્ષ સર્વે લાઈફ મેમ્બરોને, સભાસદ બંધુઓને અને પ્રકાશના ગ્રાહક બંધુઓને સુખરૂપ નીવડો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

**દીપચંદ જીવણલાલ શાહના**
**નૂતન વર્ષાભિનંદન.**

## જૈન ધરમ પ્રકાશ

卐

જૈન ધર્મ આરાધજો;
નષ્ટ કરવા સંસાર;
ધરતા સમ્યગ્જ્ઞાનને,
રહેજો આત્મ મોઝાર. ૧

મહાવીર શત ચોવીસના,
પ્રતિ નેવુમા વર્ષે;
કાર્ય સઘળાં શુભ કરી,
શત સુખ પામી હર્ષે. ૨

—મુનિ મનમોહનવિજય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૫૩

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

૫ ધ્યાન. મનનું એકાગ્રતાએ અવલંબન તે ધ્યાન. તેમાં આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો અને ધર્મ શુકલ ધ્યાનનો સ્વીકાર કરવો એ ધ્યાન અભ્યંતર તપ છે. એના પર વિસ્તારથી વિવરણ ભેદોપભેદ સાથે 'જૈનદૃષ્ટિએ યોગ'માં કર્યું છે. ૬. કાયોત્સર્ગ. ઉત્સર્ગ એટલે ત્યાગ. એમાં ગણનો ત્યાગ, દેહનો ત્યાગ, ઉપધિનો ત્યાગ, અશનનો ત્યાગ એ રીતે ચાર પ્રકારના દ્રવ્ય ઉત્સર્ગનો સમાવેશ થાય છે. અને કષાય, મિથ્યાત્વ અને કર્મપ્રાપ્તિ પર વિજય કરવો તે ભાવઉત્સર્ગ છે. આવા બારે પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે. નંદનમુનિએ બાહ્ય અને અભ્યંતર બારે પ્રકારના તપ કર્યાં.

આવી રીતે નંદનમુનિએ ચારિત્રની આરાધના કરી. એમણે સાધુની પડિમા અનેક વખત વહન કરી, એમણે બાવીશ પરિષહોને વગર સંકોચે સહ્યાં, એમણે બેંતાલીશ દોષ રહિત આહાર લેવા ખૂબ પ્રયત્નો કર્યા, એમણે રાગદ્વેષ પર કાબૂ મેળવ્યો, એમણે મન વચન કાયાના યોગ પર અંકુશ મેળવવા માટે દીર્ઘ પ્રયાસ કર્યો, એમણે અવ્યવસ્થિત રીતે વેડફાઇ જતી શક્તિનો સંગ્રહ કર્યો, એમણે જ્ઞાન અને ક્રિયાનો સહયોગ સાધી બતાવ્યો, એમણે બાહ્ય અને અભ્યંતર તપના સહયોગમાં જ્ઞાનના વિશિષ્ટ ચમકારા બતાવ્યા અને એમણે ક્રિયાપરતા બતાવવા સાથે એનાં હેતુ લક્ષણ અને ઉદ્દેશના ઊંડા વિષયમાં ગંભીરપણે પ્રવેશ કર્યો. એમનો ભાવનાનો રંગ અતિ વિશિષ્ટ હતો અને એમના ચારિત્ર પાલનમાં કોઇ પણ સ્થળે જરાસરખી સ્ખલના નહોતી થતી અને કોઇ વખત પ્રમાદથી નાની સરખી પણ ભૂલ થઈ જાય તો તેને તેઓ સુધારી લેતા અને ભવિષ્યમાં તેવી ભૂલ ન થાય તે માટે ચીવટ રાખતા

**નંદનમુનિએ કરેલી અંત્ય આરાધના**–વીશસ્થાનક તપ કરીને નંદનમુનિએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું, સંયમનું પાલન કરી આકરાં કર્મોની નિર્જરા કરી અને અગાઉના ભવોમાં કર્મોનો મોટો ભાર એકઠો કર્યો હતો તે હળવો કર્યો. એમણે ત્રિપૃષ્ટના ભવમાં અનેક પ્રકારની ધમાલ કરી સંસારને વધારી મૂક્યો હતો અને સંસારને ચોંટતા ગયા હતા તે જ જીવ નંદનમુનિના ભવમાં પાછો ઠેકાણે આવી ગયો, પોતાની વેડફાતી શક્તિનો એણે સંયમ કરી લીધો અને ચેતનને સાધ્યને માર્ગે મૂકી દીધો. એમ નોંધાયલું છે કે એમના પચીશ લાખ વર્ષના નંદન તરીકેના જીવનમાં એમણે છેલ્લા એક લાખ વર્ષમાં કામ સાધી લીધું અને આખા જીવનને મોટો પલટો આપી દીધો, પૌદ્ગલિક દશામાંથી ઉપર તરી આવી એણે આત્મિક દશામાં પ્રવેશ કરી દીધો અને આખા જીવન વિકાસમાં મોટો ફેરફાર આણી દીધો. પ્રાણીનો બાહ્ય ત્યાગ માત્ર હોય તે પૂરતું નથી, અંદરથી એની વિષય કષાય તરફની મમતા પ્રીતિ અને આકર્ષણા પણ દૂર થવી જોઇએ. અને ચેતનરામમાં એને રમણતા થવી જોઇએ. રાજપાટ વૈભવ અને કુટુંબ પરિવાર તજ્યા પછી નંદનમુનિએ સંસારને અંતરથી ઉપાધિરૂપ માન્યો, દેહને આત્મ-વિકાસનાં માત્ર સાધનરૂપ માન્યો અને મન વચન કાયાના યોગો પર ખૂબ અંકુશ આણી દીધો. એમનો આ અસાધારણ પલટો આંતર વિચારણાને પરિણામે થયો અને મન પર કાબૂ આવે એટલે પછી પ્રગતિ થતાં વાર લાગતી નથી એ બાબતનું એમણે દૃષ્ટાંત પૂરું પાડયું. આવી રીતે આત્મદૃષ્ટિએ દરરોજ વિકાસ પામતાં, શારીરિકદૃષ્ટિએ મહાન તપ અને ત્યાગને લઇને અતિ કૃશ થઈ ગયેલા, દુનિયાની નજરે આવો લહેર ભોગવવાનો વખત આવ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે સર્વસ્વ ત્યાગ કરવામાં અર્ધા ગાંડાગ્રેલા અને અર્ધા ચક્રમ ગણાતા મહાત્મા નંદન ઋષિ ત્યાગના આદર્શ થઈ ગયા, ભારે ત્યાગના ભાગી થઈ અંદર ઊતરી ગયા અને દુનિયાની નજરે બાવરા લાગતા તદ્દન પલટાઇ ગયા. આવા આત્મવિકાસ પામેલા મહાસત્ત્વશાળી ધીર ગંભીર વિશિષ્ટ પદધારી મુનિ નંદનઋષિએ જીવનને અંતે આરાધના કરી તે નોંધાવલી રહી છે તે મૂળ પુસ્તકો અને આરાધના પયન્નાને આધારે અહીં કાયમ કરવામાં આવે છે. દરેક પ્રાણીને અંતે અહીંથી જવાનું છે તે વખતે કેવી આરાધના થઇ શકે છે તેનો ખ્યાલ આપવા આ વિભાગ અહીં ખાસ વિસ્તારથી લખવામાં આવ્યો છે, તેમાં હેમચંદ્રાચાર્યના મહાવીર ચરિત્ર ઉપરાંત આરાધના પયન્નો ( સોમસૂરિ વિરચિત ) અને શ્રી વિનયવિજયજીના પુણ્ય પ્રકાશના સ્તવનને નજરમાં રાખી વિસ્તાર કર્યો છે. સ્વજીવન માટે અને સારા અંત–છેડા માટે એ ભાગ સ્વદૃષ્ટિયે ખૂબ સમજવા યોગ્ય છે અને જાગૃતિ–સાધ્ય ( શુદ્ધિ ) હોય તો જરૂર અનુકરણ કરવા યોગ્ય છે. નંદન મુનિએ નીચે પ્રમાણે અંત આરાધના કરી.

અંત આરાધનાના દશ વિભાગ ( અધિકાર ) પાડવામા આવ્યા છે, એ પ્રત્યેક શ્રી નંદનમુનિએ સેવ્યા, હૃદયપૂર્વક સ્વીકાર્યા. એના પર આ વિસ્તાર છે એમ સમજી લેવું. દશ પ્રકાર નીચે પ્રમાણે છે:–

૧. આચારના પાંચ પ્રકાર છે: જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર. એ પાંચે પ્રકારના આચારને અંગે જે કાંઈ દોષ આ ભવમાં કે ભવોભવમાં લાગ્યો હોય તેને માટે હું ખમતખામણા કરૂં છું. આ ચારની મર્યાદાનો ભંગ કરવામાં આવે તેને અતિચાર કહેવામાં આવે છે. अतिचरति अतिक्रामति स्वस्थानं व्रतलक्षणं. આવી મર્યાદા કે નિયમનો ભંગ થઈ ગયો હોય તેની આલોચના કરવી, તેને પ્રકટ કરવા, તેને ગુરુ કે વડીલ સમક્ષ કહેવા અને તેને માટે પશ્ચાત્તાપ કરવો તે આચાર આલોચના કહેવાય છે.

જ્ઞાનાચાર પાંચ પ્રકારના છે. તેમાં શ્રુતજ્ઞાનની મુખ્યતા છે તેને અંગે આઠ વિભાગ પાડવામાં આવ્યા છે: કાળ–જે કાળે જે ભણવાનું હોય તે સમયે તે ભણવું, અભ્યાસના પુસ્તકો અને અભ્યાસ કરાવનારનો યોગ્ય વિનય કરવો, તેના તરફ સન્માન રાખવું, વંદનાદિ ક્રિયા કરવી. બહુમાન એટલે જ્ઞાનીને હૃદયથી મોટા માનવા, તેમના તરફ સદ્‌ભાવ અને ભક્તિ રાખવા. ઉપધાન સૂત્રો ભણવાની યોગ્યતા મેળવવા માટે વિહિત તપ કરવું. નિન્હવણ એટલે વિદ્યાગુરુને ઓળવવા નહિ, એનો ગુરુ તરીકે સ્વીકાર કરવામાં શરમાવું નહિ, એ પોતાના ગુરુ છે એમ કહેતાં સંકોચ ધરવો નહિ. અભ્યાસના વિષયોનો શુદ્ધ ઉચ્ચાર કરવો તે વ્યંજન અને તેને સાચો અર્થ કરવો તે અર્થ અને ઉચ્ચાર અને અર્થ બરાબર કરવા તે તદુભય આ રીતે કાળ, વિનય, બહુમાન, ઉપધાન, નિન્હવણ, વ્યંજન અર્થ અને તદુભવ એ આઠે પ્રકારના જ્ઞાનાચારને અંગે મારાથી જે કાંઈ દોષ જાણતાં અજાણતાં થઈ ગયો હોય તેને માટે હું ખેદ કરૂં છું, દિલગીરી દર્શાવું છું, ખમાવું છું, માફી માગું છું, આ રીતે જ્ઞાનાચારની આલોચના કરી અતિચારને અંગે ખમતખામણાં કરવાં, મિચ્છામિદુક્કડં દેવા ( મિચ્છામિદુક્કડં–એટલે મિથ્યા મેં દુષ્કૃતં–મારૂં દુષ્કૃત ( પાપ ) મિથ્યા થાઓ. કરેલ પાપનો પશ્ચાત્તાપ, થઈ ગયેલ મંદતા માટે ખેદ અને ભવિષ્યમાં એ કે એવાં પાપ ન થવા દેવાની કે ન કરવાની અંતરની ભાવના એ મિચ્છામિ દુક્કડંનો અર્થ છે એમાં અંતરની વેદનાનો આવિષ્કાર છે, આલોચન છે, ભૂલ કે સ્ખલનાનો સ્વીકાર છે અને ભવિષ્યમાં તેવી ભૂલ ન થવા દેવાની ઇચ્છા કે ભાવનાનો નિર્ણય છે. આ અતિ વિશિષ્ટ જીવનનો પ્રશ્ન છે, નમ્રતાનો નમુનો છે, ભવ્ય ભાવનાનો આદર્શ છે અને નીતિ વિભાગને અંગે નમુનેદાર વર્તનનો નમુનો પૂરો પાડે છે એ ચેડા કાઢવા યોગ્ય કે હસીને વાંસામાં ધપ્પો મારવા સાથે ધાંધલમાં કરવામાં આવતા ચાળા નથી. નીતિ વિભાગના આ મિચ્છામિ દુક્કડંના વિશિષ્ટ આદર્શને સમજવા આચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રવા અને અમલમાં મૂકવા યોગ્ય છે.) આવા પ્રકારના ખમતખામણા અને મિચ્છામિ દુક્કડં સર્વ આચારને અંગે કરવાના છે તે સમજી લેવું.

જ્ઞાનાચારને અંગે કેટલીક વિશેષ ક્ષમાયાચના કરવાની છે તે આ પ્રમાણે : પોતાની શક્તિ અને જ્ઞાનીની યોગ્યતા છતાં તેને આહાર, ભણવાની જોગવાઇ, ભણવાનાં સાધનોની અનુકૂળતા ન કરી આપી હોય અથવા જ્ઞાનીના ગુણને પૂરા પીછાન્યા ન હોય કે તેની અવજ્ઞા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. જ્ઞાનનો ઉપહાસ કર્યો હોય, જ્ઞાનીની હાંસી કરી હોય, તેમની પ્રવૃત્તિમાં પ્રતિબંધરૂપ ઉપઘાત કર્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. જ્ઞાનનાં ઉપકરણો—પુસ્તક સાપડા વગેરેની નિરંકુશપણે વિનાશરૂપ આશાતના કરી હોય, પુસ્તકભંડારો કે પુસ્તકાલયોને ઊધી લાગવા દીધી હોય, તે સર્વ માટે ક્ષમાયાચના કરૂં છું. જ્ઞાન અને જ્ઞાનીને અંગે મારૂં જે અયોગ્ય વર્તન થયું હોય, મેં જે ઉપેક્ષા કરી હોય, મશ્કરી કરી હોય તે સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ.

દર્શનાચારને અંગે શુદ્ધ ધર્મમાં શંકા કરી હોય, તેના તરફ અભિરુચિ કરી હોય, સમજ્યા વગર અનાત્મધર્મની પ્રશંસા કરી હોય, શુદ્ધ દેવગુરુ તરફ પરાઙ્મુખપણું કર્યું હોય, વિહિત ધર્મક્રિયાનું આસેવન ન કર્યું હોય, અથવા સમજ્યા વગર હિંસાપોષક દંભપોષક કે બાહ્યાચારપોષક વ્યવહારને માન આપી અહિંસા સંયમ અને તપના ભંડારરૂપ આત્મધર્મની અવગણના કરી હોય તેને માટે મિથ્યા દુષ્કૃત યાચું છું. યોગ્ય દેવગુરુના તદ્ યોગ્ય સન્માન સત્કાર ન કર્યા હોય તે માટે દિલગીરી બતાવું છું. અને સખાવત ખાતાના પૈસાનો ઉપયોગ મારે માટે કર્યો હોય કે તેની સારસંભાળમાં ભાળ રાખવાની મારી ફરજ હું ચૂક્યો હોઉં કે બેદરકારી કરી જાહેર નાણાનો દુરુપયોગ થવા દીધો હોય અથવા એના વિનાશનું હું નિમિત્ત કારણ થયો હોઉં, ટ્રસ્ટી તરીકે ફરજ બજાવવામાં હું પાછો પડ્યો હોઉં અથવા ટ્રસ્ટીઓની ખોટી નિંદા કરી હોય કે ટ્રસ્ટને અંગે ખટપટ પક્ષપાત કે બેદરકારી હોય તે માટે ક્ષમા માગું છું. અને દેવમંદિર, ગુરુમંદિર, ઉપાશ્રય, જાહેર સંસ્થા કે સાર્વજનિક કાર્યાલયોને અંગે બેદરકારી, બેવફાઇ કે આડકતરા કે સીધા નુકસાન કર્યાં હોય, થવા દીધાં હોય, થતાં ને છતી શક્તિએ ચલાવી લીધાં હોય તે સર્વને માટે ખેદ દર્શાવું છું.

ચારિત્રાચારને અંગે સાધુપણામાં આઠ પ્રવચન માતાનું બરાબર પાલન ન કર્યું હોય, એટલે હાલવા ચાલવા લેવા મૂકવામાં ઉપયોગ રાખ્યો ન હોય અથવા મન વચન કાયાપર યોગ્ય સંયમ રાખ્યો ન હોય, અને શ્રાવક તરીકે સામાયક ન કરી હોય, સામાયકમાં પ્રમાદ કરેલ હોય તે સર્વને માટે અંતઃકરણથી ક્ષમા માગું છું. આ ચારિત્રાચાર શ્રાવકના આખા જીવનનો સમાવેશ કરતો અને જીવનના નાના મોટા સર્વ પ્રસંગને સ્પર્શતો વિષય હોઇ એની ઝીણવટની પ્રક્રિયા અને ચર્ચા આગળ ઉપર બનાવવામાં આવશે. હાલ બાકીના આચારને જોઈ જઇએ.

તપાચારને અંગે છ બાહ્ય તપ અને છ અભ્યંતર તપ પોતાની શક્તિ છતાં અને તેને માટે જોગવાઈ છતાં તેને ન કર્યાં તેની માફી માગવાની છે. પોતાની તાકાત હોય, વય જુવાનીની હોય, ભૂખ તરસ ખમવાની તાકાત હોય, છતાં બેદરકાર રહી આયંબીલ ઉપવાસ ન કરવા કે વિનય ધ્યાન કાયોત્સર્ગ વગેરે અભ્યંતર તપ ન કરવા અને છતાં ભવસાયર સહેજે તરાઇ જશે એમ માનવું ભૂલભરેલું છે. તપ કરવાથી શરીર શોષાઈ જશે એમ માનવું પણ ભૂલભરેલું છે. શરીરનો લાભ તપથી જ લઈ શકાય છે. એને અંગે થયેલી બેદરકારી કે સ્ખલના ક્ષમા માગવા યોગ્ય છે. મેં જાતે તપ ન કર્યો હોય, અન્ય પાસે કરાવ્યો ન હોય અથવા તપ કરનારની અનુમોદના ન કરી હોય તેને માટે હું દિલગીર છું. હું તેની બેદરકારી કે શિથિલતા માટે ખેદ કરૂં છું, મારા તે દોષને હું નિંદું છું, ગર્હું છું. તે જ પ્રમાણે વિનય, વૈયાવચ્ચ ન કર્યાં હોય, કાયોત્સર્ગ કે ધ્યાન ન કર્યા હોય કે પ્રાયશ્ચિત્ત લઇ પશ્ચાત્તાપ ન કર્યાં હોય તથા અભ્યાસ કરવામાં કે તેને સંભારવામાં પ્રમાદ કર્યો હોય તેને માટે માફી માગું છું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ફળભોગની આકાંક્ષા

લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

આપણે ગમે તે કાર્ય કરતા હોઇએ તો પણ એ કાર્યનો બદલો આપણને કાંઈ ને કાંઈ મળે એવી આકાંક્ષા તો જરૂર હોય છે જ. કીડી જેવા નાના પ્રાણીને પણ આગામી કાળમાં ઉપયોગ થશે એવી ભાવનાની પૂર્તિ માટે કાંઈક ખાદ્ય પદાર્થ સંગ્રહ કરવાનું મન થાય છે. ત્યારે આપણા જેવા પંચેંદ્રિયધારી અને જેનું મન કાંઈક વિકાસ પામ્યું હોય એવા માનવને ફલાકાંક્ષા ન હોય એ સંભવિત નથી. બાલક જે ક્રીડા, ખેલ કરે છે તેની પાછળ પોતાના મનને રીઝવી આનંદ મેળવવાનો હેતુ હોય છે. માતાપિતા પાસે મિષ્ટ ખાવાના પદાર્થો મેળવી સ્વાદની તૃપ્તિ કરવાનો ઉદ્દેશ હોય છે. અને અનુક્રમે એની તૃષ્ણા વધતા અનેક જાતના પદાર્થો મેળવવા એ પ્રયત્ન કરતો રહે છે. એની પાછળ ક્ષણિક તૃપ્તિ અને તુચ્છ એવો સ્વાર્થ મિશ્રિત આનંદ મેળવવાની વૃત્તિ રહેલી હોય છે. પણ જેમ જેમ એ જ બાલક ઉમરમાં વધતો જાય છે, તેમ તેમ એની સંગ્રહ કરવાની વૃત્તિ માઝા મૂકે છે. અને પરિણામે તો અતિ તૃષ્ણાને પોષવા માટે એ ગમે તેવા માર્ગનો અવલંબન કરે છે. અને એ મેળવવા માટે જે માર્ગોનો અવલંબન કરવો પડે તેના સૂક્ત કે અસૂક્તપણાનો તેને વિચાર રહેતો નથી. ગમે તેવા ખોટા ખરા માર્ગે તે પોતાની લોભવૃત્તિને પોષણ આપે જ જાય છે. જનતામાં હરતા ફરતા અને અનેક કામો પતાવતા એને જોવામાં આવે છે કે, ત્યાગમાર્ગ લોકોમાં વખણાય છે. અને એ માર્ગે જો આપણે થોડુઘણું પણ કરીએ તો લોકો આપણા વખાણ કરતા થશે અને આપણા અનુચિત અને નીતિ વિરુદ્ધ કાર્ય ઉપર કાંઈક ઢાંકપીછોડો કરી શકાશે લોકોમાં આપણે તદ્દન કાળા રંગે ચિતરાતા અટકીશું. અંતે આપણો સંગ્રહખોરીનો માર્ગ નિષ્કંટક થઇ આપણે જે કરતા રહીએ છીએ તેમાં વિઘ્ન નહીં નડે. અગર મનને ડંખતી કાંટાની અણી કાંઇ બુઠી થશે. છેવટ આપણે સંગ્રહખોરી અને અતિ લોભવૃત્તિ રાખીએ છીએ તેનો માર્ગ સુલભ થશે. મતલબ કે ધનલોભ અને સંગ્રહની આકાંક્ષા ચાલુ જ રાખવાની વૃત્તિ જરા જેવી પણ ઓછી ન થતા તે વધતી જ રહે છે. એટલા માટે જ કહેવું પડે છે કે, કર્મફલની આકાંક્ષા રાખવી નહીં.

સંગ્રહ કે પરિગ્રહ કરવો એ જીવમાત્રના સ્વભાવમાંનો એક ભાગ છે. તો પણ એ નિસર્ગજન્ય સંજ્ઞા જ્યારે મર્યાદા મુકે છે, અને બીજાનું ભલે ગમે તે થાય પણ મારે તો સંગ્રહ, સંગ્રહ ને સંગ્રહ જ કરવો જોઇએ, બીજા અનેકોને તેથી દુઃખ થાય કે તેમનું નુકસાન થાય તેનો વિચાર કરવાની મને શી જરૂર છે? એવો વિચાર જો આપણે કરી પોતાની લોભી વૃત્તિને વધારતા જ રહીએ ત્યારે ધર્મશાસ્ત્રકારો કહે છે કે, આમ દરેક ઠેકાણે આપણે પોતાનો સ્વાર્થ જ મુખ્ય કરતા રહીએ તો એનો અંત કોઇ દિવસ આવવાનો નથી. અને પોતાના કાર્યથી શુભ સંગ્રહ થવાનો અટકી પડશે. અને અશુભ કટુફળ આપનારા કર્મનો જ સંગ્રહ જરૂર થતો જ રહેશે. આ અમારા વિધાનનું સમર્થન કરતું એક દૃષ્ટાંત અત્રે રજુ કરવું અમો ઉચિત ધારીએ છીએ.

એક વખત કૃષ્ણ અને નારદ દરિદ્રી બ્રાહ્મણોનું રૂપ ધારણ કરી નગરમાં નીકળી પડ્યા. ખરી બપોરનો તડકો તપી રહેલો હતો. એક દાનશાળાની સામે તેઓ આવી ઉભા રહ્યા. દાની દાનશાળાનું બારણું બંધ કરી જવાની તૈયારીમાં હતો. તેવામાં બન્ને બ્રાહ્મણોએ કરગરી કાંઈક ખાવાનું આપવાની માગણી કરી. ત્યારે પેલા દાનીએ કહ્યું, આટલી વાર ક્યાં મરી ગયા હતા! ઘણાએ ભીક્ષુઓ આવી જમી ગયા. વખત થઈ ગયો છે. અમે ક્યાં તમારા નોકર છીએ કે આખો દિવસ તમારી નોકરીમાં હાજર રહીએ. જાઓ આવતી કાલે આવજો. બ્રાહ્મણોના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલાવાલા તરફ ધ્યાન નહીં આપતા દાની તો ગયો તે ગયો જ. કૃષ્ણે આશીષ આપ્યા કે, આવુ જ ધન તને અનેક ભવો સુધી મળતું રહો ! ત્યાંથી નીકળી એક ગરીબ બ્રાહ્મણને ત્યાં એ બન્ને જણ જઈ પહોંચ્યા. ગરીબ બ્રાહ્મણોને જોઈ એને ખુબ આનંદ થયો. એક ફાટેલુ આસન આપી તેમનો તેણે સત્કાર કર્યો. જરા બેસવા કહ્યું. અને નજીકના ઘરોમાંથી ખાવાનું માગી લાવી એમને તૃપ્ત કર્યા. એ બ્રાહ્મણ પાસે એક વાછરડી હતી તેની ઉપર એ બ્રાહ્મણનો ઘણો મોહ હતો. કૃષ્ણ અને નારદ જ્યારે જવા નીકળ્યા ત્યારે કૃષ્ણે આશીષ ઉચ્ચર્યા કે એ બ્રાહ્મણની વાછરડી મરી જાઓ ! નારદજી ખૂબ ચીઢાયા. આવા વિચિત્ર આશીષ ઉચારવા માટે કૃષ્ણજીને ઠપકો આપ્યો. અને કહ્યું કે જે દાનીએ આપણું હડહડતું અપમાન કર્યું અને ગર્વથી આપણો તિરસ્કાર કર્યો તેને ધન મળે એમ તમે કહ્યું અને જે ગરીબ બ્રાહ્મણે આપણને તૃપ્ત કર્યા તેની વાછરડી મરવાનું તમે કહ્યું એનો અર્થ શું ? આ તો ઉલટુ જ કાર્ય કહેવાય. ત્યારે કૃષ્ણજીએ ખુલાસો કર્યો કે, ધની અને દાની માણસ ઉન્મત્ત થઈ ગયો છે. અને એને ધન મળતા એ વધારે ઉન્મત્ત થતો જશે એના કડવા ફળો ભોગવવાનો પ્રસંગ ઉપસ્થિત થતા એની સાન ઠેકાણે આવશે. અને પછી જ એને સાચો માર્ગ દેખાશે. એ માટે એને ધન મળે એવી આશીષ મેં આપી. અને પેલો ગરીબ બ્રાહ્મણ ઘણો જ સાત્વિક વૃત્તિનો અને પુણ્યશાલી છે, એને સંસારમાં મોહ રહ્યો નથી. એની વાછરડીમાં હજુ એને જરા મોહ છે. એનો એ મોહ જો જતો રહે, તો એ જરૂર સંસારથી મુક્ત થઈ જાય. તેથી તે વાછરડીનું મરવાનું મેં કહ્યું છે. બન્ને દાખલાઓમાં મારો હેતુ બન્નેના કલ્યાણનો જ છે.

આ નાની કથા આપણે તો દૃષ્ટાંત માટે જ લેવાની છે. એમાં ધનવાનની સાન ઠેકાણે લાવવા માટે જ્યારે એના હાથે ખૂબ દોષો થશે ત્યારે જ તે પોતાના પાપકર્મોથી પસ્તાવો કરવા માંડશે; ત્યારે જ તે ઉપદેશ સાંભળવાની મનઃસ્થિતિમાં આવશે, અન્યથા નહીં. કારણ જેને ઉપદેશ કરવાનો છે તેના મનની તે ઉપદેશ ગ્રહણ કરવાની તૈયારી થવાની જરૂર હોય છે. જ્યારે માણુસ ક્રોધ, લોભ, અહંકાર અગર મોહ કે વિકારની અવસ્થામાં હોય છે ત્યારે તેને ઉપદેશ સાંભળવાની કે તે ગ્રહણ કરવાની જરૂર હોતી નથી. એવે સમયે જો ઉપદેશ આપવામાં આવે તો તે વ્યર્થ જ જવાનો હોય છે. ભલે લોકપ્રવાહમાં તણાઈને અને બીજાઓમાં સારો દેખાવ કરવા માટે સાંભળવા બેસે તો પણ તેનું ચિત્ત અસ્થિર અને વ્યુદ્ગ્રાહિત હોવાને લીધે એ ઉપદેશ એના મનસુધી પહોંચતો જ નથી. એટલા માટે એ ધનીને ઘણું દ્રવ્ય મળવાની આશીષ આપવામાં આવી. કારણુ એનું ચિત્ત ઉપદેશ સાંભળવાની સ્થિતિમાં એ રીતે જ આવે તેમ હતું. પ્રસ્તુત અવસ્થામાં તો એ ધનીને પુણ્ય કે સત્કાર્ય કરવાની જરૂર જણાતી જ ન હતી. એને તો ખૂબ દ્રવ્ય મળે, કીર્તિ અને નામના ખૂબ વધે એટલી જ આકાંક્ષા હતી. એને ખાત્રી હતી કે પોતાનું દ્રવ્ય અને વૈભવ કોઈ દિવસ ખુટવાનું નથી. અને મન હળવુ અને નમ્ર કરવાની કાંઈ જરૂર જણાતી નથી. દાનશાળાનું પુણ્ય પોતાને ખુટતું ધન પુરૂ પાડશે જ, એની એને આકાંક્ષા અને ઈચ્છા હતી.

ઘણા લોકોની ધારણા અને માન્યતા હોય છે કે, આપણને કાંઈ સુખ વૈભવ અને ધન મળતું હોય તો આપણે ઉપવાસ કરીએ, સામાયિક આદિ અનુષ્ઠાનો કરીએ, દાન આપીએ, શીલ અને શુદ્ધ આચાર પાળીએ, અને તપાચરણ કરીએ. ભાવ કાંઈ બાહ્ય વસ્તુ નથી. એ તો મન અને બુદ્ધિનું કાર્ય છે. કાંઈ ફળ મળવાનું ન હોય, પ્રત્યક્ષ દ્રવ્યાદિ લાભ થવાનો ન હોય તો આટલી ખટપટ કરવાની જરૂર જ શું છે! પુણ્ય કરવામાં મૂળતઃજ હેતુ લાભનો હોય તો એ કરેલુ પુણ્ય પણ આગામી ઉન્મત્તાવસ્થાને જ નોતરે છે. કારણ કર્મ કરવાથી તેનું કાંઈને કાંઈ

For Private And Personal Use Only

श्रीमद् आनंदघन रचित—

# चोवीस तीर्थंकर स्तवन

—ले० श्री अगरचंद नाहटा

श्वेताम्बर सम्प्रदाय के आध्यात्मिक सन्तों में श्रीमद् आनंदघनजी बहुत ही प्रसिद्ध हैं। उनका मूल नाम लाभानंदजी था। वे मेडता में रहते थे और संवत् १७३० आसपास उनका स्वर्गवास हुआ। उनकी जीवनी के संबंध में कोई ऐतिहासिक तथ्य तो प्राप्त नहीं हुये पर इनके संबंध में कई चमत्कारिक प्रवाद अवश्य प्रचलित हैं। आपकी रचनाओं में चौवीसी और पद बहुत्तरी प्रसिद्ध है और चौवीसी के भी दो अन्तिम स्तवन काफी समय से प्राप्त नहीं है यद्यपि इनके नाम से रचित पार्श्वनाथ और महावीर के कई स्तवन हैं मिलते और उन में से दो देवचन्दजी, दो ज्ञानविमलजीसूरि और दो ज्ञानसारजी के रचित हैं शेष दो या चार स्तवन और रह जाते हैं और उन्हें आनंदघनजी के माने जाते हैं पर इस संबंध में कोई निश्चित प्रमाण नहीं है।

१८ वीं शताब्दी में ज्ञानविमलसूरि ने आनंदघनजी के २२ स्तवनों पर बालावबोध भाषा–टीका की और अंतिम दो स्तवन अपनी ओर से जोड़ कर चौवीसी पूर्ण की। इसी शताब्दी के महान् तत्वज्ञ श्रीमद् देवचन्दजी ने भी अपनी ओर से अन्तिम दो स्तवन बनाये। इससे यह निश्चित है कि उनके समय में भी आनंदघनजी के २२ स्तवन ही प्राप्त थे। सं० १८६५ में श्रीमद् ज्ञानसारजी ने कई (३८) वर्षों के चिन्तन के पश्चात् आनंदघनजी के २२ स्तवनों पर विस्तृत बालवबोध लिखा। उन्होंने भी अन्तिम दो स्तवन अपनी ओर से बनाकर चौवीसी को पूरा किया। इस से सिद्ध है कि उन्हें भी आनंदघनजी के पिछले दो स्तवन मिले नहीं थे। इन के कारण पर विचार करने से लगता है कि आनंदघनजी की चौवीसी की मूल प्रति का

---

ફળ તો મળવાનું જ હોય. માટે જ કહેવું પડે છે કે, પુણ્યકાર્ય કરતા તેમાં ફલાકાંક્ષાના માર્ગે સ્વાર્થનું ઝેર મળી જવું નહીં જોઇએ.

આપણે પ્રભુની પૂજા કરીએ તેમાં પ્રભુના વીતરાગત્વ, સર્વસ્વ ત્યાગ, અને સર્વોપરિપણાનું જ ધ્યાન હોવું જોઇએ. એમાં મને કાંઇક ઐહિક લાભ મળે એ ભાવનાનો સર્વથા અભાવ હોવો જોઇએ. ફળની આકાંક્ષા રાખવાથી પુણ્યની મર્યાદા ઘટી જાય છે. જેમ સોનામાં હીન ધાતુનું મિશ્રણ કરી દેવાથી સુવર્ણ એ સુવર્ણ રહેતું નથી. હલકી ધાતુ બની જાય છે, તેમ પુણ્ય કરતા ફળ મળે એવી ભાવના ઉંડે ઉંડે પણ મનમાં રહી જાય છે, તો તેનું ફળ પેલા હીન ધાતુ જેવું બની જાય છે. અને તેની કીંમત ઘણી જ ઓછી આવે છે. અને કદાચ એ ઐહિક કાંઇ લાભમાં પરિણમે તો બીજા અનેક અનર્થોને જન્મ આપે છે. માટે પુણ્ય એ પુણ્ય માટે જ હોવું જોઇએ. એમાં ફલાકાંક્ષાનો લેશ પણ અંશ હોવો નહીં જોઇએ. જ્ઞાની મહાત્માઓ જે પુણ્યકાર્ય કરે છે તે શુદ્ધ ભેળરહિત સુવર્ણ જેવું હોય છે. અને તેનું ફળ પણ તેવું જ નિર્મળ જ હોય છે. ફળ માગવાથી અગર તેની ઝંખના અગર આકાંક્ષા રાખવાથી તેનું આખું સ્વરૂપ પલટાઇ જાય છે, માટે જ અમો કહીએ છીએ કે. ફળની આકાંક્ષા રાખવી નહીં. તેની જરૂર પણ નથી. એવી સદ્બુદ્ધિ બધાઓને જાગે એવી આકાંક્ષા રાખી વિરમીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अन्तिम पत्र खो गया था नष्ट हो गया होगा। अन्यथा २२ स्तवनों के ही रचने का कोई कारण समझ में नहीं आता।

'पद' भी उन्होंने कितने बनाये इसकी संख्या निश्चित नहीं मालूम होती : क्योंकि प्रसिद्धि तो बहुत्तरी की है पर कोई भी प्रति पूरी ७२ पदों वाली नहीं मिली है इस लिये बहुत्तरी नाम कब से प्रचलित हुआ ? यह अन्वेषण का विषय हो जाता है। प्राप्त प्रतियों में प्राय: ७६ से ले कर ८५ तक पद मिलते हैं। केवल २-३ प्रतियां ही इसका अपवाद हैं जिन में से हमारे संग्रह के एक प्राचीन गुटके में ६५ पद हैं। और सं. १७५९ की एक उक्त प्रति में ५० पद ही है। पर अब तो प्रकाशित पदों की संख्या ११२ तक पहुंच गई है। अतः मूल पद कितने व कौनसे बनाये थे ! यह भी खोज का विषय है।

गत कई वर्षो में हमने आनंदघनजी के स्तवनों और पदों की प्राचीन प्रतियों की प्रयत्न पूर्वक खोज की तो हमें प्रकाशित पाठ और प्राचीन हस्तलिखित प्रतियों में महत्त्व के पाठान्तर मिले हैं। पदों की भांति चोवीसी की भी प्राचीनतम प्रति हमारे संग्रह में ही है, कई प्रतियों में कुछ अप्रकाशित पद भी मिले हैं पर उनकी संख्या अधिक नहीं है। अधिकांश प्रतियां १९वीं शताब्दी की मिलती है। १८वीं शताब्दी की २-३ प्रतियों की उल्लेख जैन गूर्जर कवियो भाग ३ के पृष्ठ ११०० में श्री मोहनलाल देसाईने किया है। इनमें से चौवीसी की एक प्रति संवत् १७५२ और ज्ञानविमल-सूरिके बालावबोध की एक सं. १७९१ की श्री 'सीमंधर भण्डार में होने का उल्लेख किया गया है पर यह सीमंधर भण्डार कहां पर है ? यह निश्चित् रूप से ज्ञात नहीं हो सका अतः जिस सज्जन को इसकी जानकारी हो मुझे सूचित करें, क्योंकि सं. १७५२ वाली प्रति को मुझे अवश्य देखना है।

यद्यपि चौवीसी के तो कई विवेचन प्रकाशित हो चुके हैं पर जैन गूर्जर कवियो भाग २ के पृष्ट ३२ में यशोविजयजी की रचनाओं की सूचीवाले पाटण भण्डार के (जो १७१३ के) एक फुटकर पत्र में उल्लिखित आनंदघन चावीसी बालावबोध की प्रति अभी तक कहीं भी नहीं मिली। जिसके मिलने पर बहुत-सी नई बातें और महत्त्वपूर्ण विवेचन प्राप्त होता। इस लिये इस बालवबोध की खोज की जाती भी नितान्त आवश्यक है।

चौवीसी और पदों के अतिरिक्त आनंद-घनजी रचित पंच समिति की ढालो, स्थानकवासी मुनि देवचन्दजी संपादित 'विविध पुष्प वाटिका' एवं सुरत से प्रकाशित एक अन्य ग्रन्थ में प्रकाशित हुई हैं। कहा गया है कि इस रचना की एक जीर्ण प्रति कच्छ किसी भण्डार में मिली थी। पर अभीतक अन्य कोई प्रति किसी भी भण्डार में होने की जानकारी नहीं मिली।

२-३ वर्ष पहले जिनदत्तसुरि सेवा संघ के मंत्री श्री मंदसोरवाले श्री प्रतापमलजी सेठिया के पास आनंदघनजो के पदों की एक प्रति मेरे भ्रातृ पुत्र भंवरलाल को देखने को मिली। इस प्रति में ७६ पद हैं और यह प्रति सं. १८५७ की लिखी हुई है। पदों के बाद आनंदघनजी रचित चौवीस तीर्थंकरों का एक स्तवन है जो अभी तक अन्यत्र कहीं भी नहीं मिला है। अभी अभी मैंने कुछ हस्तलिखित ग्रन्थ खरीदे हैं, उनमें भी

For Private And Personal Use Only

एक पत्र में) यह लिखा हुआ मिला है इस लिये दोनों प्रतियों के पाठ भेद सहित इस अप्रकाशित स्तवन को यहां प्रकाशित किया जा रहा है। सेठियाजी वाली प्रति में इस स्तवन के पहले "अथ चौवीसे तीर्थंकरनु तदन लाभानन्दजी कृत लिख्यते" लिखा हुआ है। इसलिये यह आनंदघनजी का ही होना चाहिये। अन्त में उनका नाम भी है।

## चोवीस तीर्थंकर स्तवन

ऋषभ जिनेसर राजीउ, मन माय जुहारो जी। प्रथम तीर्थ कर)[1] पति राजिउं[2] परिग्रह परिहारो जी ॥१॥
विजया नंदन वंदीए सव[3] पाप पलाय जी। जिम सुखसुं चिरनंदीए सुर नर मन भाय जी ॥२॥
संभव भव भय टाल तो, अनुभव भगवंत जी। मलपति गज गति[4] चालतौ, सेवै सुर नर संत जी ॥३॥
अभिनंदन जिन जय करू करूणी[5] रस धारजो। मुगति सुमति नायक वरू मद मदन निवार जी ॥४॥
सुमति सुमत[6] दातारू हुं[7] प्रणमुं करजोडि जी। कुमति परिहार कुं, अंतराय परि छोडि[8] जी ॥५॥
पदम प्रभु प्रताप सुं परि वादि विभंग जी। जिम रवि के हरि व्याप सुं, अंधकार मतंग जी ॥६॥
श्री सुपास निज[9] वास तें, मुझ पास निवास जी। कृपा करी निज दास नइ, दीजइ सुख वास जी ॥७॥
चन्द्र प्रभु मुख चंद लो, दीठां सव सुख थाय जी। उपसम रस पर कंद लो, दुख[1] दालीद्र जाय जी ॥८॥
सुविधि सुविधि विधि दाखवइ, र खइ निज पासजी। नवम अठम[2] विधि दाखवइ[3], केवल प्रतिभासजी।९।
सीतल सीतल जिम[4] अमी, कामित फलदायजी। भाव सुं तिकरण सुध नमी, भविअण निरमाइजी ॥१०॥
श्री श्रेयांस इग्यारमो, जिनराज विराजे जी। ग्रह नवि पीडइ बारमो, जस सिर परें गाजै जी ॥११॥
वासुपूज वसु पूज्य नरपति, कुल कमल दिनेशजी। आस पूरे सुरनर[5] जती, मन तणीय जिनेश जी ॥१२॥
विमल विमल आचारणी, तुझ सासम चाह जी। घट पट कट निरधार नइ जिम दीप(ड) उमाह जी ॥१३॥
अनंत अनंत न[6] पामिये, गुण गण अवि रास जी। तिन तुझ पद कज कामीइ, गणधर पद पासि जी[7] ॥१४॥
धरम धरम तीरथ करी, पंचम गति दाइ[8] जी। एकंतिक मत मद हरी, जिण बोध स काइ[9] जी ॥१५॥
संति संति करि जग धणी, मृग लंछन सोहेजी। निर लंछन पदवी भणी, भवियण मन मोहइ जी ॥१६॥
कुंथनाथ तीरथ पति, चक्र धर पद धार जी। निरमल वचन सुधाजी राखे[1] निज पास जी ॥१७॥
श्रीअरनाथ सुहामणो [2]अरें संतित साधे जी। वंछित फल दाता[3] भणो जे वचन आराधे जी ॥१८॥
मल्ली वल्ली कामना, वर सुर तरू कहीयइ जी। चरण कमल सिर नामिता, अगणित फल लहियइ जी ॥१९॥
मुनि सुव्रत सुव्रत तणी, मणि खान[4] सुहावइजी। वंछित पूरण सुरमणि रमणी गुण गावइजी ॥२०॥
नमि चरणे चित राखियै, चेतन चतुराइ जी। परमारथ सुख चाखिये मानव भव पाइजी ॥२१॥
नेमनाथ नें एकमना[5], लाइक नवि लागि जी। तिण कारण सूर धामणी, जन गुण मागि जी ॥२२॥
पारस महारस[6] दीजियें जन जाच न आवे जी। अभयदान फल लीजियै[7], असरण पद पावे जी ॥२३॥

---

१ तीरथि, २ जागीयो, ३ तप, ४ पति, ५ वरूणी, ६ सुगति, ७ कूं, ८ विछोड, ९ नजि वास नई।
१ दुष्ट, २ अठम, ३ नाखवैं, ४ जिन परि, ५ नरेमनी ६ मव आचारनें ७ धारि, ८ दातारमति, ९ सुवार।
१ त्रिपदी जसवारजी, २ अरिसंतत, ३ दायक, ४ खांकि ५ कामना दायक, ६ नाथ से. ७ दीजीयें।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન દર્શનની તૃષા

૧

લેખક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા એમ. બી. બી, એસ.

### શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગદશાને માર્ગે સામર્થ્યયોગ પ્રતિ દોટ : 'ધીંગાઈ કરી મારગ સંચરૂં'

આમ સામર્થ્યયોગના માર્ગે જ કેવલજ્ઞાન કેવલ-દર્શનરૂપ પરમાત્મદર્શન સાંપડે છે. અને ઇચ્છાયોગ-શાસ્ત્રયોગની સાધનાના માર્ગે જ સામર્થ્યયોગનો માર્ગ પમાય છે, ઈચ્છાયોગ-શાસ્ત્રયોગની સાધના થકી જ ક્રમબદ્ધ આત્મવિકાસદશાના અનુક્રમે જ સામર્થ્યયોગ પર અધિરૂઢ થવાય છે. અર્થાત્ શુદ્ધો-પયોગદશારૂપ સાચા શ્રામણ્ય થકી જ—સાચા ભાવ-સાધુપણા થકી જ આત્મસ્વરૂપમાં અપ્રમત્તપણે જાગ્રત એવી અપ્રમત્ત ગુણસ્થાન સ્થિતિ પામવા જેટલી ઉચ્ચ આત્મદશા સાધે છે, તે જ પછી અપૂર્વ આત્મ-વીર્યના ઉલ્લાસથી સામર્થ્યયોગદશા પામવા સમર્થ થાય છે; અખંડ શુદ્ધાત્માનુભૂતિરૂપ અપ્રમત્ત શુદ્ધોપ-યોગદશા જે અનુભવે છે, તેને જ પછી 'અપૂર્વ-કરણ'રૂપ અપૂર્વ આત્મસામર્થ્ય ઉલ્લસે છે. માટે હે ભગવન્! હું પણ સર્વ શુભાશુભ ભાવોથી વિરામ પામી જવારૂપ 'સર્વવિરતિપણું'—સાચું શ્રમણપણું અંગીકાર કરી, સર્વત્ર સમભાવરૂપ સામાયિક ચારિત્રની મહાપ્રતિજ્ઞા ધારણ કરી, શુદ્ધ આત્મ-સ્વરૂપથી અપ્રમત્તપણારૂપ—અભ્રષ્ટપણારૂપ અપ્રમત્ત ભાવ સાધુદશા સાધવા તત્પર બન્યો છું. અખંડ શુદ્ધાત્માનુભૂતિરૂપ શુદ્ધોપયોગદશામય શ્રામણ્ય સાધી રહ્યો છું,—કે જેથી કરીને અનુક્રમે સામર્થ્યયોગની દશાને પામી હું ત્હારા સાક્ષાત્કાર દર્શનને—પરમાત્મ-દર્શનને પામીશ. ખરેખરી વિકટ સાધના તો અપ્રમત્ત દશાની છે, અપ્રમત્ત પછીની સાધના તો એક અંત-ર્મુહૂર્તની છે, અપ્રમત્ત પછી કેવલની સ્થિતિને દોરાવારનું છેટું છે. એટલે પછીનો માર્ગ તો સુગમ

---

सिद्धारथ सुत सेवियइं सिद्धारथ होइ जी। च्याल[1] जंजाल न खेवीइं[2] परमारथ जोइ जी ॥२४॥
इय चौवीस तीर्थंकरू निज मुन[3] गुण गावुंजी। जिन मत[4] माग संचरू आनंदघन पाउं जी ॥२५॥

ऊपर मूल पाठ सेठियाजी की प्रति से दिया है। और हमारी प्रति के पाठ भेद टिप्पणी में दे दिये हैं। हमारी प्रति में लेखन संवत् नहीं लिखा गया है !। पर सेठियाजी की प्रति से यह पुरानी प्रतीत होती है। सेठियावाली प्रति में इस स्तवन के बाद चारुं मंगल च्यार आश पद वाल्ा पांच पद्यों का स्तवन और है। उसके बाद लेखन प्रशस्ति इस प्रकार दी गई है।

॥ इति लाभानंदजी कृते गीत लषां छे समापतं। संवत् १८५७ नाना पोस वद एकम नै वर वसपते समापतं। लखितं भोजक राअिभाष सुत मआचंद आपने पठना अर्थः भोजक राअिमाण सुत मयाचंद थरादरानी वोतरीनी परति छिः। सत्यं श्री श्री श्री श्रीआनंदघनजी के चोवीसी और पदों के विवेचन अभी तक गुजराती में ही छपे है अब आवश्यकता है राष्ट्रभाषा हिन्दी में भी उनके विवेचन प्रकाशित हों। इस संबंध में मेरा प्रयत्न चालू है। जयपुर के मेरे मित्र श्रीउमराव-चन्दजी दरगड ने स्तवनों एवं पदों का हिन्दी विवेचन लिख भी लिया है।

---

१ आल, २ वेखीयैं, ३ संत ४ मन।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને આશુગામી છે. અને આવો સુગમ છતાં દુર્ગમ જે સામર્થ્યયોગરૂપ યોગમાર્ગ વર્તમાનમાં અપ્રાપ્ય જેવો મનાય છે, તો પ્રાપ્ત કરવા હામ ભીડવી એ જ મ્હારી ધૃષ્ટતા છે–એ જ મ્હારી 'ધીઠાઈ' છે; પણ તે સામર્થ્યયોગની યોગ્યતા પ્રાપ્ત કરવા મથવું અપૂર્વ આત્મપુરુષાર્થ સ્ફુરાવવો ને ઇચ્છા-યોગ–શાસ્ત્રયોગની યથાસૂત્ર સાધના કરી, અખંડ શુદ્ધાત્માનુભૂતિરૂપ-અખંડ શુદ્ધોપયોગરૂપ અપ્રમત્ત ગુણસ્થાનકદશા પ્રગટાવવારૂપ માર્ગે 'સંચરવું'– સમ્યક્પણે ચરવું–સમ્યક્ ચરણરૂપ શુદ્ધ ચારિત્રદશા પ્રગટાવવી, એ કાંઇ ધૃષ્ટતા નથી, પણ અપૂર્વ આત્મ-પરાક્રમનો સમુલ્લાસ છે. તેના પ્રબળ આત્મપુરુષાર્થ-રૂપ અપૂર્વ આત્મપરાક્રમની સ્ફુરણા વિના સામર્થ્ય-યોગની ને તેના ફલરૂપ પરમાત્મદર્શનની પ્રાપ્તિ અસંભવિત છે. એટલે જ ત્હારા પરમાત્મદર્શનની તીવ્ર તૃષા ધરાવતો હું તો અપૂર્વ આત્મપુરુષાર્થ સ્ફુરાવવાને બદ્ધકક્ષ થઇ શુદ્ધાત્માનુભૂતિરૂપ શુદ્ધોપ-યોગદશાને માર્ગે સામર્થ્યયોગ પ્રતિ દોટ મૂકવા માટે ધીઠાઇ કરી પરમ ઉત્સાહથી સંચરૂં જ છું–'ધીઠાઇ કરી મારગ સંચરું'.

## મોક્ષ બંધ હશે, મોક્ષમાર્ગ બંધ નથી : કાળલબ્ધિના બ્હાના

કેટલાક લોકો આ કાળમાં મોક્ષ નથી એટલે તે માટેનો પુરુષાર્થ નિષ્ફળ છે એમ માની બેસે છે, પણ તેઓની તે અર્થઘટના અનર્થઘટનારૂપ વિપર્યાસ જ છે. કારણ કે આ કાળમાં મોક્ષ યદ્યપિ બંધ હશે પણ મોક્ષમાર્ગ કાંઇ બંધ નથી. માની લઇએ કે આ કાળમાં આ ક્ષેત્રે મોક્ષ નથી તો તે માટેનો પુરુષાર્થ ઉલટો દ્વિગુણિત ઉત્સાહથી કરવો જોઇએ. કોઈ વસ્તુની પ્રાપ્તિ ક્વચિત્ દુર્લભ હોય તો તે માટેનો પ્રયત્ન ઓર જોરશોરથી કરવો જોઇએ. તો જ તે અથવા તેનો અંશ પ્રાપ્ત થાય. જે ઉચ્ચ લક્ષ્ય તાકે તે કદાચ તે લક્ષ્યને ન પામે તો પણ તે લક્ષ્યને નિકટની ઉચ્ચ ભૂમિકાને તો જરૂર પામી શકે. તેમ મોક્ષ માટે પ્રયત્નાતિશય કરવામાં આવે તો મોક્ષ કદાચ ન થાય તો પણ મોક્ષની અત્યંત નિકટતા-આસન્નભવ્યતા તો જરૂર થાય. એટલે પુરુષાર્થની નિષ્ફળતાની વાત તો ક્યાંય દૂર રહી! અરે! એકા-વતારીપણાનો આ કાળમાં ક્યાં નિષેધ છે? એ શું નાનીસૂની વાત છે? પછી તથારૂપ કાળની પરિ-પક્વતારૂપ કાળલબ્ધિની પ્રાપ્તિ થયે મોક્ષ કાંઈ દૂર નથી. તો મુમુક્ષુએ શું કાળલબ્ધિની રાહ જોઇને હાથ જોડી બેસી રહેવું? કાળલબ્ધિ એની મેળે પાકશે એમ આશાના લાડવા ખાધા કરી શું પાદ-પ્રસારિકા અવલંબીને પ્રમાદમાં પડ્યા રહેવું?

## કાળલબ્ધિ પરિપાક માટે પુરુષાર્થની સ્ફુરણા

કાળલબ્ધિની પ્રતીક્ષા કરવાની છે, તેનો અર્થ એમ નથી કે હાથ જોડીને બેસી રહેવું કે પ્રમાદમાં પડ્યા રહેવું. કારણ કે કાળલબ્ધિની પરિપક્વતા પણ પુરુષાર્થ વિના થતી નથી. કાળલબ્ધિ કાંઈ એની મેળે પાકી જતી નથી, પણ તેને પકવવા માટે પુરુષ પ્રયત્નની આવશ્યકતા છે. જેમ આંબો યોગ્ય ક્ષેત્રે વાવ્યા પછી જળસિંચન ઉપાયથી અમુક ફળાદિ પાક આપે છે, તેમ કાળલબ્ધિ પણ પુરુષકારરૂપ ઉપાયથી યથાયોગ્ય કાળે પરિપાક પામે છે, નહિ તો કોઈ કાળે પાકે નહિં. કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષકાર અને દૈવ–એ પાંચ× સમવાય કારણના સંમિલનથી કાર્યસિદ્ધિ સાંપડે છે, એ સિદ્ધાંતવાર્તા પણ ઉક્ત કથનને પુષ્ટ કરે છે. શાસ્ત્રમાં કાળલબ્ધિ વગેરે કહેલ છે, તે જીવને ધીરજ ધરી નિરંતર પુરુષાર્થ કરવા માટે કહ્યા છે, નહિં કે પુરુષાર્થહીન થવા માટે. કારણ કે જ્ઞાનીનો ઉપદેશ સદા જીવને આત્મજાગ્રતિ રાખવા માટે અને અપ્રમત્ત પુરુષાર્થ-શીલતાની વૃદ્ધિ કરવા માટે જ હોય. માટે કાળ-લબ્ધિનો આશય સમજ્યા વિના, તેનું ખોટું આલંબન પકડી કોઈ પણ રીતે પુરુષાર્થહીન થવા યોગ્ય નથી, પણ જેમ બને તેમ જલ્દી કાળલબ્ધિનો પરિપાક થાય એવા 'સત્ય પુરુષાર્થરૂપ સદુપાયમાં

---

× "तहवि खलु जयंति जई धीरा मोक्खट्ठमुज्जुआ णिच्चं ।
अइयारच्चाएणं समुदयवादं पमाणंता ॥"
—શ્રી યશોવિજયજીકૃત ઉપદેશરહસ્ય

અર્થાત્–તથાપિ મોક્ષ અર્થે ઉદ્યત એવા ધીર યતિજનો, સમુદયવાદને પ્રમાણતા સતા, અતિચારત્યાગથી નિત્ય યત્ન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

આત્માર્થી મુમુક્ષુ જીવે 'રઢ લગાડી મંડી પડવું' યોગ્ય છે. બાકી બીજી કોઈ રીતે ભવસ્થિતિ કાળ-લબ્ધિ આદિના નામે–ખોટા આલંબન ગ્રહી લેશ પણ પ્રમાદીપણું સેવવા *યોગ્ય નથી. પુરુષાર્થહીન કોઈ લોકો દુ:ષમકાલ ભવસ્થિતિ આદિ બ્હાના કાઢે છે. પણ ચોર ઘરમાં પેઠો હોય ત્યારે સોડ તાણીને સૂઈ રહેવું જોઈએ કે જાગતા રહેવું જોઈએ? દુઃષમ વિષમ કળિકાળ ચોર પેઠો છે તો ઓર વિશેષ જાગ્રત રહી ઓર પરુષાર્થ સ્ફુરાવવો જોઈએ. તેવા વિષમ દુઃષમકાળમાં આત્મપુરુષાર્થીને હાથ જોડીને બેસી રહેવું કેમ પાલવે?

## 'જિનનો મૂળ માર્ગ':
## શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગ

માટે હે ભગવન્! કાળ ગમે તેટલો દુઃષમ હોય અને માર્ગ ગમે તેટલો વિષમ હોય, પણ હું તો આ શુદ્ધોપયોગદશારૂપ શ્રામણ્ય–કે જેનું બીજું નામ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની અભેદ એકતારૂપ મોક્ષ-માર્ગ છે–તે જ માર્ગે ગમન કરવાને પ્રવૃત્ત થયો છું. અને તમે પણ આજ માર્ગે પ્રયાણ કરીને પરમાત્મા થયા છો. કારણ કે સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન, શુદ્ધ આત્માનું સમ્યગ્જ્ઞાન, શુદ્ધ આત્માનું સમ્યક્ચારિત્ર એ ત્રણેની અભેદ એકતા આત્મામાં પરિણમાવી, તમે શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષને પામ્યા: એટલે શુદ્ધ આત્મદર્શન આત્મજ્ઞાન ને આત્મચારિત્રની અભેદ એકતા સાધવી આત્મામાં પરિણત કરવી એ **જિનનો મૂળ માર્ગ** છે. શુદ્ધ આત્માને દેખવો જાણવો ને આચરવો તે જ પરમાર્થ મોક્ષમાર્ગ છે,–सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः આમ મોક્ષમાર્ગ વા જિનનો મૂળ માર્ગ તો આત્મા-શ્રિત હોઈ કેવળ આત્મપરિણતિરૂપ હોઈ મુખ્યપણે આધ્યાત્મિક માર્ગ છે, પરમાર્થ માર્ગ છે, નિશ્ચય માર્ગ છે, ભાવમાર્ગ છે, અંતરંગ માર્ગ છે, બહિરંગ માર્ગ નથી. જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે આ જિનના મૂળ પરમાર્થ માર્ગે પ્રયાણ કરીને જ એમ સર્વ જ્ઞાની સત્પુરુષોનો પરમ નિશ્ચય છે. ગમે તે દેશમાં, ગમે તે કાળમાં એ જ એક શુદ્ધાત્મ દ્રવ્ય પ્રવૃત્તિ લક્ષણ ત્રિકાલાબાધિત મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચલ નિશ્ચય સિદ્ધાંત સ્થિત છે. આ અંગે હે ભગવન્! તમારા આ સનાતન જિનમાર્ગના મહા-પ્રભાવક પરમર્ષિ **કુંદકુંદાચાર્યજી**એ ×**પ્રવચનસાર**માં પરમ તત્ત્વભક્તિથી પ્રકાશ્યું છે તેમના એવા પ્રકારે જિનો, જિનેંદ્રો અને શ્રમણો માર્ગે સમુત્થિત થયેલાઓ સિદ્ધ થયા છે, તેઓને અને તે નિર્વાણ-માર્ગને નમસ્કાર હો!' અર્થાત્ આ મહાન્ ગાથાની અપૂર્વ તત્ત્વમીમાંસા કરતાં તેવા જ મહાપ્રભાવક પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજી**એ પ્રકાશ્યું છે તેમ–સર્વ સામાન્ય એવા ચરમશરીરીઓ, તીર્થંકરો અને અચરમશરીરી મુમુક્ષુઓ આ જ યથોદિત શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ વિધિથી પ્રવૃત્ત થયેલા મોક્ષના માર્ગને પામીને સિદ્ધ થયેલા છે, નહિ કે બીજી રીતે પણ. તેથી અવધારાય છે કે કેવલ આ એક જ મોક્ષનો માર્ગ છે, નહિં કે દ્વિતીય, પ્રપંચથી બસ થયું! તે શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તોને અને તે શુદ્ધાત્મતત્ત્વ-પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને પ્રત્યસ્તમિત ભાવ્ય ભાવક વિભાગ (ચાલુ)

* આ અંગે પરમતત્ત્વદ્રષ્ટા સંતશિરોમણિ **શ્રીમદ્ રાજચંદ્રજી**નું પરમ પુરુષાર્થ પ્રેરક ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ."
—**શ્રી આત્મસિદ્ધિ**

× "एवं जिणा जिणंदा सिद्धा मग्गं समुट्ठिदा समणा।
ज़ादाणमोत्थु तेसिं तस्स य णिव्वाणमग्गस्स ॥"
**શ્રી કુંદકુંદાચાર્યજી** પ્રણીત **શ્રી પ્રવચનસાર** ૨-૧૦૬

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only